# -: વાલેદૈનની ઉલઝન :-

એપ્રિલ મહીનાની શુરૂઆતમાં ઝિયાદહ તર સ્કૂલોમાં બચ્ચાઓની સાલાના ઈમ્તેહાન સાથે વાલેદૈનની પણ કડી કસૌટી થાય છે. ઘરના બીજા કામકાજ કરતા બચ્ચાઓ ના ઈમ્તેહાન અને તે વાસ્તે ઝરૂરી તૈયારીની ફિક્ર અને Tension વાલેદૈન ને હોય છે. આ એહમીયતના Period માં તમામ હમારા ઘરોની કહાની અને કૈફીયત અલગ-અલગ હોય છે. કોઈક જગા Cricket matches નું પાગલપન, TV Serials, લુભામણા Awards પિરસતા બેહિસાબ Competition Shows, Computer games, Internet Chatting, Websites ની કલાકોની સફર અને કોઈક જગા નાના બચ્ચાઓનો કલકલાટ, શોર બકોર, ચીસાચીસ, Study corner યા Reading Room ની કમી વગૈરહ આ તમામ અફરાતફરીમાં Lack of proper environment ના સબબ બચ્ચાઓ અટવાઈ જાય છે અને Studies માં Concentrate ન કરવાથી ઈમ્તેહાનની તૈયારીમાં કુસૂર અને ખામી રહી જાય છે.

તેથી હવે વાલેદૈનને નક્કી કરવાનું છે કે, આ Nuisance Box TV કેટલી હદ તક ફાયદામંદ છે અને કેટલો માથાનો દુખાવો અને waste of time છે. ઝરૂરત હોય તો ઘરમાં બચ્ચાઓ જે વક્ત હાઝિર ન હોય તો જ સોચી સમઝીને TV ખોલવું, જમતી વક્ત આ Idiot Box ને બંધ રાખવું. બચ્ચાઓ સ્કૂલ યા મદ્રસામાંથી ઘરે આવે તો જે નવી ચીઝ શીખાવવામાં આવી હોય તેના revision તરફ ખાસ હોંશ અને રગબત અપાવવી. ઈમ્તેહાનને લગતા કોઈ પણ કામની ઈબ્તેદા કરતા પહેલા સૂરતુલ ફાતેહા, સૂરતુન્નસ્ર (ઈઝા જાઆ નસ્રૂલ્લાહે) અને સૂરતુલ ફત્હ ની આયતો પઢવી અને વાલેદૈન વાસ્તે એ ઝરૂરી છે કે, જહાઁ તક બની શકે આ અહમ અય્યામમાં ઘરના માહૌલને સુકૂન-ઈત્મિનાનથી હરેલો-ભરેલો રાખવો. અલ્લાહતઆલાની મહેરબાની પર તવક્કુલ રાખીને હમેં હમારા બચ્ચાઓને ઈમ્તેહાનમાં કામિયાબી વાસ્તે ખૂબ તદબીર અને મેહનત કરાવીએ મગર એ વાત યાદ રહે કે, પોતાના બચ્ચાની ઝેહની તાકત કરતા વધીને અગર વાલેદૈન ઝોર આપશે તો ઈમ્તેહાનના વક્ત બચ્ચા પર Stress વધશે અને નતીજતન તેનો સીધો અસર તેના Results પર થાશે. તેથી વાલેદૈનને ઈલ્તેજા એ જ કરવાની કે, **ખૂબ સબરથી કામ લઇને પોતાના બચ્ચાને ઇમ્તેહાન વાસ્તે બેહતર તૌર પર તૈયારી કરાવે. જેની ઇબ્તેદા જ બેહતર થાય તેની ઇન્તેહા વાસ્તે ફિક્ર ન કરવી જોઇએ.**

આ બાઝ નુકતાઓ પર અમલ કરવાથી ગૈર ઝરૂરી Stress પર કાબૂ હાસિલ કરી શકાશે અને ઝિયાદહ મિકદારમાં આપ વાલેદૈન બચ્ચાઓની Studies માં વક્ત ખર્ચ કરી શકશો.

**" તદબીર કે દસ્તે ઝ઼ેરીં સે તકદીર દરખશાઁ હોતી હૈ, કુદરત ભી મદદ કરતી હૈ જબ કોશિશે ઈન્સાઁ હોતી હૈ. "** ★